ગાંધીનગરથી દર ગુરુવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ઓ૩મ્

अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૧૪ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૦૪-૦૪-૨૦૧૪, ગુરુવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોઝડનો અઠ્યાવીસમો વાર્ષિક મહોત્સવ સંપન્ન

## આપણે ઈશ્વરને સતત યાદ રાખવા જોઈએ : પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજક

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા અઠ્યાવીસમા વાર્ષિક મહોત્સવની ગત તા. ૩૧મી માર્ચના રોજ રોજડ ખાતે ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

સમગ્ર ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના અનેક પ્રાંતોમાંથી લોકોએ ભાગ લીધો હતો.



સવારે ૭ : ૦૦ કલાકે યજ્ઞથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં અનેક વિદ્વાનોના પ્રવચન રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ પૂ. સ્વામી સત્યપતિજીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડના આચાર્યશ્રી જ્ઞાનેશ્વરજી, દર્શનયોગ મહાવિદ્યાલયના નિદેશક સ્વામીશ્રી વિવેકાનંદજી પરિવ્રાજક, સ્વામી બ્રહ્મવિદાનંદ સરસ્વતી, સ્વામી શાંતાનંદજી સરસ્વતી સહિત અનેક વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂ. સ્વામી સત્યપતિજીએ આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી દિવંગત ધનજીબાપાને યાદ કરી તેમની સાથેના સંસ્મરણોને વાગોળ્યા હતા. તેમણે ઉપસ્થિત લોકોને વેદોનો અભ્યાસ કરવાની પ્રેરણા આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આપણે ઈશ્વરને સતત યાદ રાખવા જોઈએ. આપણે હંમેશા સારા કર્મો જ કરવા જોઈએ કારણ કે આપણા મૃત્યુ પછી આ જ કર્મો આપણી સાથે આવશે.

સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીએ ઉપસ્થિત વિશાળ જનસમૂદાયને સંબોધતા જણાવ્યું હતું કે, ઈશ્વર જેટલી આપણી રક્ષા કરે છે તેટલી રક્ષા અન્ય કોઈ કરતું નથી. ઈશ્વરનો જેટલો ઉપકાર આપણી ઉપર છે તેટલો ઉપકાર અન્ય કોઈનો નથી. તેમણે ઈશ્વર સાથે સંબંધ બાંધવાની પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, ઈશ્વર સાથે સંબંધ બાંધવાથી આપણને ઈશ્વર તરફથી શક્તિ, સાહસ, બળ, પરાક્રમ જેવા સારા ગુણો પ્રાપ્ત થાય છે.

ઈશ્વર છે કે નહિં તે અંગે તેમણે જણાવ્યું હતું કે, આજે લોકોને સંશય છે કે ઈશ્વર છે કે નહિં કારણ કે જે લોકો જુઠ્ઠુ બોલે છે, કપટ કરે છે તેવા લોકો આજે વધુ સુખી છે. પરંતુ જે લોકો ઈમાનદાર છે, મહેનતું છે તેમની પાસે ધન, સુખ-સુવિધા ઓછી છે. પરંતુ એનો અર્થ એ નથી કે ઈશ્વરનું અસ્તિત્વ નથી. બધા જ કર્મોનું ફળ તરત મળતું નથી. જે લોકો અધર્મ કરે છે તેની શરૂઆતમાં વૃદ્ધિ થાય છે, ધીમે ધીમે તે વિરોધીઓને પણ જીતી લે છે. પરંતુ અંતે તે લુપ્ત થઈ જાય છે. સંસારમાં લોકો એક-બીજાને મુર્ખ બનાવી શકે છે પરંતુ ઈશ્વરને મુર્ખ બનાવી શકાય નહીં. કર્મો એ બીજ સમાન છે. કોઈ કર્મ આજે ફળ આપશે તો કોઈ કર્મ ૨, ૫, ૧૦ વર્ષે ફળ આપશે. અમુક ફળ આવતા જન્મમાં પણ મળી શકે છે. કરેલું કર્મ કોઈ દિવસ નિષ્ફળ જતું નથી.



તેમણે ઉપસ્થિત ધર્મપ્રેમીઓને શાસ્ત્રોનો નિયમિત અભ્યાસ કરવા અનુરોધ કરતાં કહ્યું હતું કે, આપણે અધર્મથી હંમેશા બચવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું એ ધર્મ છે. ઈશ્વરના સંવિધાનનું પાલન ન કરનારને ઈશ્વર ક્યારેય માફ કરતો નથી. આપણે કર્મ કરવામાં સ્વતાંત્ર છીએ પરંતુ ફળ ભોગવવામાં પરતંત્ર છીએ. તેમણે શુભ કર્મની વ્યાખ્યા કરતાં જણાવ્યું હતું કે, તે બે પ્રકારના છે. (૧) સકામ કર્મ અને (૨) નિષ્કામ કર્મ. આપણે હંમેશા નિષ્કામ કર્મ જ કરવા જોઈએ કારણ કે ઈશ્વર એ ન્યાયકારી છે.

વાનપ્રસ્થ સાધક આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી આચાર્ય જ્ઞાનેશ્વરજીએ પોતાના આશીર્વચનમાં ભક્તિનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ઈશ્વરનું ધ્યાન કરવા માટે આપણે ક્યાંય જવાની જરૂર નથી. ઈશ્વરની ભક્તિ ગમે ત્યાં થઈ શકે છે કારણ કે ઈશ્વર સર્વત્ર છે. ઈશ્વરની ભક્તિ માટે પુષ્પો, પૈસા, મિઠાઈ, સોના કે ચાંદીની જરૂર નથી. આપણે ઈશ્વરને આ બધી વસ્તુઓ અર્પણ કરવાને બદલે આપણો અહંકાર, ક્રોધ વગેરે અર્પણ કરવા જોઈએ. ઈશ્વર પાસે આપણે ધન, સંપત્તિ ન માંગવા જોઈએ. ઈશ્વર પાસે આપણે બુદ્ધિની પ્રાર્થના કરવી જોઈએ. પરાક્રમ, ક્ષમા, સહનશીલતા વગેરે માંગવું જોઈએ. આપણે બાહ્ય ધન માંગવાને બદલે આપણી ઉન્નતિ માટે આંતરિક ધન માંગવું જોઈએ.



ભક્તિ વિશે વધુ સમજાવતાં તેમણે કહ્યું હતું કે આપણે મંદિરમાં જઈ સંધ્યા, ઉપાસના વગેરે જે કરીએ છીએ તે ભક્તિ જ છે પરંતુ તે ભક્તિ એ અધૂરી છે. સાચી ભક્તિ એ હંમેશા સત્ય બોલવું, ચોરી ન કરવી, ઈર્ષા ન કરવી વગેરે છે. આમ આપણે દૈનિક વ્યવહારોમાં જે કર્મો કરીએ છીએ તે પણ એક ભક્તિ જ છે.

છેલ્લા પચ્ચીસ વર્ષમાં દર્શન યોગ મહાવિદ્યાલય દ્વારા કરવામાં આવેલા અનેક કાર્યોને તેમણે બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં દર્શન યોગ મહાવિદ્યાલય અને વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા અનેક વૈદિક વિદ્વાનોનું નિર્માણ કરાવામાં આવ્યું છે.યોગ શિબિરના માધ્યમથી દેશમાં અને વિદેશમાં લાખો લોકોને લાભાન્વિત કરવામાં આવ્યા છે. લાખોની સંખ્યામાં પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આવા તો અનેક કાર્યો કરવામાં આવ્યા છે.

તેમણે ગૌ-રક્ષા અને ગૌ-પાલન માટે ગૌ-શાળાઓનું નિર્માણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, આપણને ગાયનું દૂધ, ઘી, માખણ વગેરે તો જોઈએ છીએ પણ ગાય પાળવી નથી. તેમણે ગૌ-શાળા માટે દાન આપવાની પણ પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આપણે ઈશ્વરના જ્ઞાનથી જ ધન કમાઈએ છીએ માટે આપણે ઓછામાં ઓછું આપણી કમાણીમાંથી ૧૦ ટકા દાન કરવું જોઈએ.

દેશમાં વધી રહેલી વિધર્મીઓની પ્રવૃત્તિ અંગે લોકોને ચેતવતાં આચાર્યશ્રી જ્ઞાનેશ્વરજીએ જણાવ્યું હતું કે તેમની સામે ટક્કર લેવા માટે વધુ સાધન-સામગ્રીઓની જરૂર પડશે. આ કાર્ય માટે પણ લોકોને તૈયાર રહેવા આહ્વાન કર્યું હતું.

તેમણે આપણાં બાળકોના નિર્માણ માટે સન્યાસીઓને ઘરે બોલાવવા અનુરોધ કરતાં કહ્યું હતું કે, દરેક ઘરમાં નિયમિત સ્વાધ્યાય, ઉપાસના અને સત્સંગ થવો જ જોઈએ. તેમણે હંમેશા સત્ય બોલવાની પ્રેરણા પણ આપી હતી. અંતમાં તેમણે દુર્ગુણોનો ત્યાગ કરી સદગુણોને અપનાવવા આહ્વાન કર્યું હતું.

બપોરના સત્રમાં આમંત્રિત વિદ્વાનોના પ્રવચનનો લાભ ઉપસ્થિત લોકોએ લીધો હતો. નાના બાળકો દ્વારા પણ સુંદર કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન બ્ર. દિનેશકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા હોળી પર્વની ઉજવણી ઉત્સાહભેર સંપન્ન

ગત તા. ૧૬મી માર્ચના રોજ સંસ્થાના એન. કે. સોલંકી હોલમાં હોળીના દિવસે નવસસ્યેષ્ટિ પર્વ યજ્ઞનું પરંપરા અનુસાર ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સમાજના પદાધિકારી ગણ પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલા, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ, માનદ્ મંત્રી આર્કિ. અશોકભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી નટવરસિંહ રાજ, અંતરંગ સભ્યો શ્રી લાલસિંહ વડોદીયા, શ્રી રાજેન્દ્રસિંહ રાજ, શ્રી દિપસિંહ રાઠોડ, શ્રી રમેશચંદ્ર સોઢા, શ્રી ગોરધનભાઈ આર્ય તેમજ શાખા આર્ય સમાજના સભ્યો તથા તેમના પરિવારજનો, આર્યવીર દળના બાળકો અને તેમના વાલીઓ અને આમંત્રિત મહાનુભાવો વગેરેએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.



સૌપ્રથમ સવારે ૯ : ૩૦ કલાકે વૈદિક સંધ્યા તથા નવસસ્યેષ્ટિ પર્વ મહાયજ્ઞની મહત્તા સમજાવીને વિશેષ ૩૧ વેદમંત્રોની આહૂતિ દ્વારા નવા આવેલા ધાન્ય જવ, ઘઉં ખજૂર, આંબાનો મોર, કેસુડાના ફૂલ, બિલ્વ ફળથી અગ્નિદેવને શ્રદ્ધાપૂર્વક અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સામૂહિક યજ્ઞ પ્રાર્થના કરવામાં આવી હતી.

ગાંધીનગરથી આ પર્વ પ્રસંગે ખાસ આમંત્રિત વૈદિક પ્રવક્તા, અગ્નિપથ સાપ્તાહિકના સંપાદક, સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના પ્રમુખ તથા વાડોકાઈ કરાટે ડૉ અકેડમી ગુજરાતના ટેકનિકલ ડાયરેક્ટર શ્રી અરવિંદભાઈ રાણાએ હાજક સૌને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, પર્વ આપણા જીવનને ઉત્સાહથી ભરી દેવાની પ્રેરણા આપે છે. આપણો દેશ ખેતી પ્રધાન અને ધર્મપારાયણ દેશ છે. ભારતીય ઉત્સવ કેવળ આમોદપ્રમોદ માટે જ નથી પરંતુ તેની ઉજવણી પાછળ આધ્યાત્મિકતા અને વૈજ્ઞાનિકતા છે. શિયાળાની ઋતુમાં ચોમાસાની જેમ ઝકળ વગેરે રૂપે ભેજનું પ્રાધાન્ય રહે છે. વસંત ઋતુના આગમન સાથે આવેલી બિમારીઓના નિવારણ માટે હવનથી વાતાવરણને શુદ્ધ કરવા, નવા ગરમીની ઋતુ પ્રમાણે વસ્ત્રો બદલવા અને નવા આવેલા ધાન્યોથી દેવ યજ્ઞ કરાવ માટે હોળી પર્વની ઉજવણી દેશભરમાં ધામધૂમથી કરવાનું પ્રયોજન છે. વૈદિક ધર્મીઓમાં પ્રાચીનકાળથી આ પ્રથા ચાલી આવી છે કે નવી વસ્તુઓને દેવોને અર્પણ કર્યા વગર તેઓ પોતાના માટે ઉપયોગ કરતા નથી. જેમ માનવ દેવોમાં બ્રાહ્મણ સર્વશ્રેષ્ઠ છે તેમ જળમાં વડવાનલના રૂપે, પ્રકાશમાં પ્રભાનલરૂપે, વાયુંમાં પ્રાણાપાનાનલ રૂપે અને સર્વ પ્રાણીઓમાં વૈશ્વાનર રૂપે વાસ કરે છે. વેદમાં અગ્નિને અનેકવાર દેવદૂત કહેલ છે. અગ્નિ જ બધા દેવોને હોમેલા દ્રવ્યો પહોંચાડે છે એટલા માટે નવું આવેલું અન્ન અગ્નિને જ અર્પણ કરવામાં આવે છે અને ત્યાર પછી માનવ દેવોને ભેટદ કરી પોતાના ઉપયોગમાં લેવામાં આવે છે. શ્રુતિ કહે છે - 'કેવલાધો ભવતિ કેવલાદી.' અર્થાત એકલો ખાનારો કેવળ પાપ ખાનાર છે. "ખવડાવીને ખાઓ" એ બોધ આ પર્વ આપે છે. આ પર્વ પ્રસંગે લોકો ઉંચ-નીચ, નાના-મોટા તનનો ભેદભાવ છોડી સ્વચ્છ હૃદયથી એકબીજાને મળે છે. કોઈ કારણવશ વર્ષભરમાં વેર વિરોધથી મન ખાટું થયું હોય તો તેને અગ્નિદેવની સાક્ષીમાં ભષ્મિભૂત કરી દેવામાં આવે છે, તેથી હોળી પ્રેમ પ્રસારનો પર્વ છે. આ પર્વ બે તુટેલા હૃદયને જોડે છે, એકતાનો પાઠ ભણાવે છે.આ પર્વ વર્ષ પ્રેમમાં તન્મય થઈ જવાનું સર્વોત્તમ સાધકછે. હોળી પર્વ વસ્તુતઃ આનંદ અને ઉલ્લાસનો મહોત્સવ છે. આપણે સૌએ હોળી પર્વની મહત્તા સમજીને તે મુજબ આચરણ કરવું જોઈએ તો જ આ પર્વની ઉજવણી સાર્થક બનશે અને તેનો ઉત્તમ લાભ મળશે. સંસ્થા તરફથી સૌને હોળી પર્વની શુભેચ્છા પાઠવવામાં આવી હતી તથા આ પર્વ પ્રસંગે હાજર દરેક પરિવારને વૈદિક સાહિત્ય ભેંટ આપવામાં આવ્યું હતું.

અંતમાં હાજર સૌનો સંસ્થા વતી વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને શાંતિપાઠ કરી પ્રિતી ભોજન સાથે હોળી પર્વની ઉજવણી સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

**સૃષ્ટિ સંવત ૧,૯૬,૦૮,૫૩,૧૧૫ના નવા વર્ષ નિમિત્તે**

**હાર્દિક આમંત્રણ**

**"વૈદિક પરિવાર" દ્વારા આયોજીત**

**સ્નેહ મિલન સમારોહ**

**તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૪**

**સમય : સાંજે ૬ : ૦૦ થી ૮ : ૩૦**

**: સ્થળ :**

**બલરામ ભવન, સેક્ટર - ૧૨, ગાંધીનગર**

કાર્યક્રમના અંતે સ્વરૂચી સાત્વિક ભોજન આપણે સૌ સાથે કરીશું.

અગ્નિપથ(સાપ્તાહિક)

अनेन विधिना सर्वास्त्यक्त्वा संगाच्छनै शनैः ।
सर्वद्वन्द्वविनिर्मुक्तो ब्रह्मण्येवावतिष्ठते ॥

मनुस्मृति ८१(५३)

**આ વિદ્યાથી ધીરે ધીરે સંગથી થયેલા સર્વ દોષોને છોડીને, સર્વ હર્ષશોકાદિ દ્વન્દ્વથી તદન નિર્મુક્ત થઈ વિદ્વાન સન્યાસી બ્રહ્મમાં જ સ્થિર થાય છે.**

**તંત્રી સ્થાનેથી....**

# નેન્સી પોવેલની વિદાય

અમેરિકાના ભારત ખાતેના રાજદૂત નેન્સી પોવેલ દ્વારા અચાનક રાજીનામું આપી દેવાની ઘટનાએ રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્કોને જન્મ આપ્યો છે. લોકસભાની ચૂંટણી શરુ થવાને લગભગ એક અઠવાડિયા જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે નેન્સી પોવેલે રાજીનામું આપતાં ભારત અને અમેરિકાના સંબંધોમાં કંઈક રંધાતુ હોવાની અટકળો ચાલી રહી છે. જો કે અમેરિકાના વિદેશ વિભાગના નાયબ પ્રવક્તા મારીયા હર્ફે આ અટકળોને રદિયો આપ્યો છે.

તાજેતરમાં જ અમેરિકા ખાતેના ભારતીય રાજદ્વારી દેવયાન ખોબરાગડેના કેસમાં મળેલી નિષ્ફળતા અને મોદીના વિઝા મુદ્દાના વિવાદના પગલે અમેરિકાએ પોવેલનું રાજીનામું માંગી લીધું હોય તેવી શક્યતાઓ છે.

ગુજરાતી મૂળના રાજીવ શાહને ભારતના નવા રાજદૂત તરીકે નિમણૂક આપવામાં આવશે તેવા અહેવાલો વહેતા થયા છે. રાજીનામું આપનાર નેન્સી પોવેલના સંબંધો ગુજરાતના મુખ્ય મંત્રી અને એન.ડી.એ.ના વડાપ્રધાન ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદી સાથે સારા ન હોવાની વાત તો જગજાહેર છે. અમેરિકા દ્વારા હાલમાં યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણીઓ સંદર્ભે આવનાર સમયમાં નવી સરકાર સાથે કામ કરવામાં કોઈ અડચણ ન આવે તેની આગોતરી તૈયારી કરવામાં આવી રહી હોય તેમ જણાઈ રહ્યું છે. અમેરિકાના પ્રવક્તા હર્ફેએ ચોખવટ કરતાં જણાવ્યું હતું કે કોઈ મોટી ઘટના પોવેલના રાજીનામા માટે જવાબદાર નથી. તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે નવા રાજદ્વારી ગમે તે નિમાય પણ બંને દેશના સંબંધો તો મહત્વના જ રહેશે. તેમના આ નિવેદનથી એટલું તો સ્પષ્ટ છે કે અમેરિકા ભારત સાથેના સંબંધોમાં ભૂતકાળમાં નરેન્દ્ર મોદી સાથે કરવામાં આવેલા વિઝા સંબંધીત વ્યવહારને સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ રાજીનામાને સંદેશો પાઠવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.

## ઉપદેશ કથા

# શું ઈશ્વર છે ?

એક પિતા હતા કોમ્યુનિસ્ટ વિચારોવાળા. ઈશ્વરની સત્તાને સ્વીકારતા નહિ. તેમનો પુત્ર આર્યકોલેજમાં ભણતો હતો. તેની ઈશ્વરના અસ્તિત્વ પર આસ્થા હતી. તે સવાર-સાંજ ઈશ્વરનું નામ-સ્મરણ કરતો હતો. પિતા તેને કહેતા - 'બેટા, રોજ શા માટે સમય નષ્ટ કરે છે ? જેનું તું રોજ નામ-સ્મરણ કરે છે તે ઈશ્વર જેવી કોઈ વસ્તુ છે જ નહિ.' પુત્ર બોલ્યો - 'જો ઈશ્વર ન હોય તો આ સૃષ્ટિ કોણે રચી છે ?'

પિતાએ કહ્યું - 'આ બધું તો કેવળ ગર્મી અને ગતિનું પરિણામ છે. પ્રત્યેક વસ્તુમાં ઉષ્ણતા છે, ગતિ છે. ખબર નહિ, કયારે ઉષ્ણતા ખૂબ વધી ગઈ અને બધી જગ્યાએ કંઈકને કંઈક બની ગયું. સ્વયં આમ બની ગયું. આને બનાવનાર કોઈ જ નથી.'

પુત્રએ વિચાર્યું - પોતાના પિતાને કેવી રીતે સમજાઉં ? વિચાર કરતો કરતો તે કોલેજ ગયો. ત્યાં એક મોટો કાગળ લીધો અને અનેક રંગ પૂરી સુંદર ચિત્ર બનાવ્યું અને ઘરે આવી તે ચિત્રને પિતાજીના ઓરડામાં મૂકી દીધું. કાર્યાલયથી ઘરે આવી પિતાજીએ આ ચિત્ર જોયું અને પુત્રને પૂછ્યું - 'આ ચિત્ર કોણે બનાવ્યું ? ખૂબ સુંદર બનાવેલ છે.' પુત્રએ જવાબ આપ્યો - 'કોઈએ પણ બનાવ્યું નથી, બસ સ્વયં બની ગયું છે.'

પિતાએ આશ્ચર્યથી પૂછ્યું - 'સ્વયં, પોતાની મેળે ?' પુત્રએ કહ્યું - 'હા પિતાજી, કોલેજમાં કાગળની રીમ પડી હતી. તેમાં એકાએક ઉષ્ણતા અને ગતિ આવી તો રીમમાંથી એક કાગળ ઉડી મેજ પર આવી ગયો. તિજોરીમાં રંગ પડયા હતા તેને પર ગર્મી લાગી, શક્તિ આવી ગઈ. તિજોરીમાંથી બહાર નીકળી કાગળ પર આવી પીંછીથી રંગ પુરાવા લાગ્યા. છેવટે સુંદર ચિત્ર બની ગયું.'

પિતાએ ક્રોધિત થઈ કહ્યું - 'અરે મને ઉલ્લું બનાવે છે, મૂર્ખ ! સ્વયં આમ કઈ રીતે બની શકે ?' પુત્રએ કહ્યું - 'એ રીતે જ, જેવી રીતે સ્વયં સૃષ્ટિ બની ગઈ. જો ઉષ્ણતાની શક્તિથી સ્વયં આટલી મોટી સૃષ્ટિ બની જતી હોય તો આ નાનું ચિત્ર કેમ ન બની શકે ?' પિતાને વાત સમજવામાં આવી ગઈ.

(શિક્ષા - સ્વયં પોતાની મેળે કોઈપણ વસ્તુ બનતી નથી. તેને બનાવવા માટે કોઈ ચેતન વસ્તુ (નિમિત્ત કારણ) અવશ્ય જોઈએ જ. સમસ્ત સંસારને બનાવનાર ઈશ્વર છે જે પ્રત્યેક વસ્તુની અંદર-બહાર સર્વદા વિદ્યમાન છે.)

# કાર્યથી કારણ તરફનો વિચાર જ વ્યક્તિને સામાન્ય સ્તરથી ઉત્કૃષ્ટ સ્તર સુધી લઈ જાય છે

## વેદવાણી (૧)

**-શ્રી અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર)**

**ओम् उद्वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम् ।**
**देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥**

ऋग्वेद (१-५०-१०/अथर्ववेद ७-५३-७)

અર્થ :- (વયં) અમે લોકો (તમસઃ) પાપ અથવા અંધકારથી (પરિ) ઊપર ઉઠીને (સ્વઃ પશ્યન્તઃ= જ્યોતિઃ દૃષ્ટવન્તઃ) પ્રકાશને જોયા અને (દેવં સૂર્ય) =પરમ પ્રકાશક ઈશ્વરને (ઉદ્ અગન્મ) પ્રાપ્ત કરી લીધાં. (ઉત્તરમ્) આગળ વધીને જોયા તો (ઉત્તરં જ્યોતિઃ અગન્મ) વધારે તીવ્ર પ્રકાશને પ્રાપ્ત કર્યા અને એનાથીય આગળ વધીને જોયા તો (દેવત્રા) દરેક પ્રકાશક વસ્તુઓમાં વ્યાપક (ઉત્તરમ્ જ્યોતિઃ ઉગન્મ) સર્વોત્કૃષ્ટ જ્યોતિ અર્થાત્ પરમ-પ્રભુ પરમાત્માની પ્રાપ્તિ થઈ.

આ વેદમંત્રમાં મનુષ્યની આંતરિક વિકાસની ક્રમિક પ્રક્રિયા સમજાવવામાં આવી છે. સામાન્ય અવસ્થાથી ઊપર ઉઠીને વિશિષ્ટ અને પરમ વિશિષ્ટ અવસ્થાઓને ક્રમશઃ કેવી રીતે વ્યક્તિ ઉપસ્થિત/ઉપલબ્ધ કરતો જાય છે, તેની સરલતમ વિધિનો બીજ આ ઋચામાં સાંકેતિક રૂપે વિદ્યમાન છે.

તમસઃ પરિ= અંધકાર અથવા પાપથી ઊપર તમસયુક્ત એટલે અવિદ્યાયુક્ત મનુષ્ય. સામાન્ય અવસ્થા/કક્ષાનો વ્યક્તિ અંધકાર અને નિષિદ્ધ કર્મોથી ઢંકાયેલો છે. આવા મનુષ્યો પોતાના સાધનો વડે બીજા નિર્દોષ પ્રાણીઓને અકારણે પીડા/દુઃખ પહોંચાડવાનું કર્મ કરતાં-કરતાં નિર્દોષ વધારેને વધારે અંધકારથી આચ્છાદિત થતાં જાય છે અને પ્રાણી-જગતને પણ અનેક પ્રકારની પીડાઓ, યાતનાઓ,વેદનાઓના આવરણમાં ઢાંકીને ભયભીત બનાવી અંધકાર તરફ બલાત ઢસડી અંધકારયુગના પ્રવર્તક બની જાય છે.

આવા તમસથી આચ્છાદિત મનુષ્યોને પરમાત્માની પરમ જ્યોતિના દર્શન અસંભવ છે. તામસી વ્યક્તિના દર્શન એટલે પૂર્ણ અસત્યનું જ દર્શન. જેવી રીતે આંખો હોવા છતાં પૂર્ણ અંધકારમાં અન્ય સત્તાત્મક વસ્તુઓનો અભાવ = અપ્રાપ્તિ થઈ જાય છે, તેમજ અવિદ્યા અંધકારથી યુક્ત વ્યક્તિને પણ લાભપ્રદ તેમજ સૂક્ષ્મ (જડ અને ચેતન) સત્તાત્મક વસ્તુઓની સત્તાનો ભાસ થતાં, તે પૂર્ણ નાસ્તિક થઈ જાય છે. અંધકાર દૂર થતાં જ પ્રકાશની ઉપસ્થિતિમાં જેવી રીતે વર્તમાન વસ્તુઓનું સાક્ષાત્ થઈ જાય છે, તેમજ વિવેક (સ્વરૂપના) જ્ઞાન પ્રકાશ થતાં આત્મસ્થ/ અન્તઃકરણસ્થ પરમાત્માની સત્તાનો (સ્વરૂપનો) બોધ સંભવ બને છે.

ખાવા-પીવાં અને અનાવશ્યક કાર્યોમાં લિપ્ત મનુષ્યને પરમાત્મા દર્શન કેવી રીતે થઈ શકે ? આપણને રોટલી દેખાય છે, પરંતુ રોટલીમાં વ્યાપક ઈશ્વર દેખાતો નથી. રોટલીમાં વર્તમાન દેવત્વ તો સાધારણ વ્યક્તિને પણ અનુભવાય છે, પરંતુ રોટલીનાં મૂળકારણ સુધી ઉત્તરોત્તર વધતાં પરમ જ્યોતિના દર્શન અસાધારણ/વિશેષ વ્યક્તિને જ પ્રાપ્ત થાય છે. રોટલીમાં વિદ્યમાન ગુણોને રસોઈયામાં આરોપિત કરી, આપણે રસોઈયાની સ્તુતિ-પ્રશંસામાં સંલગ્ન થઈ જઈએ છીએ. પાચક (પકાવનાર) સિવાયના બીજા સહયોગીઓને સંકીર્ણ અને અવિદ્યાગ્રસ્ત વ્યક્તિ વિચારી શકતો નથી. કાર્યથી કારણ તરફનો વિચાર જ વ્યક્તિને સામાન્ય સ્તરથી ઉત્કૃષ્ટ સ્તર સુધી લઈ જાય છે. ભોગી વ્યક્તિ કારણ - કાર્ય પરમ્પરાથી પ્રકાશમાં આવેલી અન્તિમ અવસ્થાનો જ પુજારી/ સેવક/ ઉપાસક બને છે. વિશેષ અવસ્થાવાળો ભૂખ્યો વ્યક્તિ એટલે કે વુભુક્ષિત વ્યક્તિ રોટલી ખાઈને, રોટલી બનાવનાર રસોઈયાથી લઈ અન્નપતિ ઈશ્વર સુધીનો પોતાની હૃદયપૂર્વકની શ્રદ્ધાભાવના અને કૃતજ્ઞતા અભિવ્યક્ત કરે છે, જયારે સામાન્ય વ્યક્તિમાં કે વસ્તુમાં સ્થાપિત કે વિદ્યમાન ગુણ-ધર્મને દેવત્વને ન ઓળખનાર તમસથી આચ્છાદિત છે. સામેના વ્યક્તિમાં જે પરોપકારત્વની પરોક્ષ જ્યોતિને ઓળખી પોતે પણ તે જ જ્યોતિથી પ્રભાવિત થઈ તે જ સ્વરૂપને ધારણ કરી લે છે, તે જ ખરા અર્થમાં બુદ્ધિમાન કહેવાય છે.

ખેતરમાં નાંખેલાં ઘઉંના બીમાંથી ઘઉંનું ઉત્પાદન કોણ કરે છે ? સૃષ્ટિનાં આદિકાળથી ઘઉંના બી બનાવનાર કોણ છે ? ખેતરમાં વિદ્યમાન ખનીજ તત્વો/પદાર્થોને કોણે ઉપસ્થિત કર્યું છે ? અંતરિક્ષમાં પણ ઘઉંના પાક માટે આવશ્યક વાયુ-પદાર્થોની વ્યવસ્થા કોણ કરી ? દ્યુ-લોકમાં સૂર્ય દ્વારા ઘઉંને આવશ્યક ઊર્જા-ઉત્પાદનની વ્યવસ્થા કે પ્રબન્ધ કોણે કર્યુ છે ? બીજરૂપ ઘઉંને પાક સ્વરૂપ પ્રાપ્ત કરાવવા માટે ભૂલોક, અન્તરિક્ષલોક અને દ્યુ-લોકના અનેક અનિવાર્ય તત્વોની બુદ્ધિપૂર્વક વ્યવસ્થા કરનાર સર્વોતમ દેવતા કોણ છે ? ચિન્તન કરનાર વ્યક્તિને માત્ર "રોટલી" જ દાર્શનિક ભૂમિકામાં લાવીને મૂકી શકે છે. ભોગીને રોટલી (અન્તિમ કાર્ય) સિવાય કંઈ જ દેખાતું જ નથી. જ્યારે વિવેકી વ્યક્તિ માટે "રોટલી" ગંભીર ચિન્તનનું નિમિત્ત બની જાય છે. "રોટલી" આંખ વડે દેખાતી એક સ્થૂલ વસ્તુ છે, કે જે પોતાના અસ્તિત્વથી જડ અને ચેતન બંને સત્તાઓ તરફ સંકેત કરે છે.

પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, સૂર્ય, ચન્દ્ર વગેરે જડ દેવતાઓની સહાયતા વગર ઘઉંનું નિર્માણ અસંભવ છે. કૃષક (ચેતન) દ્વારા

### જીવાત્મા દ્વારા કૃત પુરૂષાર્થનું ફળ આપનારી અન્તિમ અને સર્વોત્તમ ચેતન સત્તા વગર આરોપિત બીને પાકરૂપમાં રૂપાન્તરિત થવું સંભવ નથી.

ખેતરમાં બીજ નાંખ્યા સિવાય ઉપરોક્ત દેવતાઓના પ્રાપ્ત સહયોગ નિરૂત્પાદક છે. જીવાત્મા અને જગતની એકલી સત્તા પણ ઘઉં સર્જનમાં અસમર્થ છે. જીવાત્મા દ્વારા કૃત પુરૂષાર્થનું ફળ આપનારી અન્તિમ અને સર્વોત્તમ ચેતન સત્તા વગર આરોપિત બીને પાકરૂપમાં રૂપાન્તરિત થવું સંભવ નથી. જગત, જીવાત્મા અને પરમાત્માના સંયુક્ત સહયોગ જ રોટલી સ્વરૂપમાં નિષ્પન્ન થયેલ છે. પ્રકૃતિથી સર્જિત જગત તેમજ જીવાત્માને પ્રાપ્ત વિવિધ સાધનો પરમાત્મા દ્વારા જ પ્રકાશિત છે. આ બંનેની જ્યોતિઓની અંદર વિદ્યમાન પરમાત્માની સૂક્ષ્મતમ જ્યોતિ પૂર્ણરીતે સંશોધિત અને વિશારદ અવસ્થાને પ્રાપ્ત મનથી યુક્ત જીવાત્માને પ્રત્યક્ષ થાય છે.

દ્યુ-લોકમાં પૂર્ણરીતે પ્રકાશિત સૂર્ય વાદળોના આવરણ વડે આચ્છાદિત થઈ જતાં અદૃશ્ય થઈ જાય છે. આંખો છે, સૂર્ય પણ છે, પરંતુ આવરણરૂપમાં વચ્ચે વાદળોને લીધે દર્શન થતો નથી. આત્મા અને પરમાત્મા વચ્ચે અવિદ્યારૂપ આવરણ છે, જે પરમાત્મા દર્શનમાં બાધક છે.

લોકો પૂછે છે કે "ઈશ્વર ક્યાં છે?" ફુલોમાં છે ? ફૂલને અને ફૂલની દરેક પાંખડીને તોડીને જોઈએ છીએ, ક્યાં નજરે પડે છે? આવી સામાન્ય કોટિના પ્રશ્નો સામાન્ય સ્તરના વ્યક્તિઓ દ્વારા પૂછવામાં આવે છે. જો ઈશ્વર પણ સૂર્યની જેમ દેખાતો હોય તો જગતમાં દરેક વ્યક્તિ ઈશ્વરની બાબતમાં સંશયયુક્ત ન રહીને પૂર્ણ નિર્ણયયુક્ત સ્થિતિમાં રહ્યો હોત. સૂર્ય વિષે સામાન્ય કે વિશિષ્ટ વ્યક્તિમાં સામાન્ય મત પ્રવર્તે છે કે "સૂર્યનું અસ્તિત્વ છે જ ". સામાન્ય દૃષ્ટિ વડે તો સામાન્ય સ્થૂળ પદાર્થોનું દર્શન સંભવ છે, પરંતુ અસામાન્ય/અસાધારણ તત્વોનું દર્શન તો અસાધારણ/વિશિષ્ટ યોગ્યતા બનાવીને જ થઈ શકે છે. અન્તઃકરણસ્થ વાસનાઓ દ્વારા અશુદ્ધ મનને યોગાભ્યાસ દ્વારા પરિમાર્જન કરતાં-કરતાં ઉત્તરોત્તર જ્ઞાનપ્રકાશ વડે આત્માને સમૃદ્ધ કરતાં-કરતાં એક એવી ઉત્તમ અવસ્થાને પ્રાપ્ત કરવી, જ્યારે સર્વસ્થ અને આત્મસ્થ પરમપ્રકાશક પરમાત્માનું દર્શન પ્રારંભ થઈ જાય. સૂર્યનું દર્શન સામાન્ય દર્શન છે, જ્યારે પ્રકૃત્તિ, જીવાત્મા અને પરમાત્માના દર્શન, પુરૂષાર્થ પ્રયત્ન વડે પ્રાપ્ત "વિશેષ દર્શન" છે. **(ક્રમશઃ)**

## ભોજન-વિવેક

# સાત્વિક-રાજસિક-તામસિક આહાર

આયુર્વેદમાં આહાર અંગે ગહન ચિન્તન કરવામાં આવેલ છે, પણ આહાર સત્વ-રજ-તમ પ્રમાણે વર્ગીકૃત નથી, પણ એટલું ચોક્કસ કહેલ છે કે સાત્વિક લોકો મિતાહારી, રાજસીક લોકો મધ્યમાહારી અને તામસિક લોકો અત્યાહારી હોય છે. ગીતામાં સાત્વિક, રાજસિક, તામસિક આહારના ગુણકર્મ બતાવ્યા છે. જેમકે ..

आयुसत्वबलारोग्य सुखव्रीति विवर्धना ।
रस्यारिनग्धास्थिराह्या आहारः सातविक प्रियाः ॥
कटवम्ललवणत्युष्ण तिक्ष्ण वृक्षविदाहिनः ।
आहारराजसस्येष्टा दुखशोकामयाः प्रदाः ।।
यातयामं गतरसं पूती पर्युषितं चयत ।
उच्छष्टंचअमेध्यं च भोजं तामस प्रियम ।।

સાત્વિક આહાર : આયુ સત્વ (મન) બલ, આરોગ્ય, વર્ણ, સ્ફૂર્તિ, ઉર્જા, ઉત્સાહ, સુખ મનની પ્રસન્નતા વધારનાર હોય છે, તે હૃદય માટે હિતકર, છ રસ યુક્ત, શરીર માટે સ્થિરીકરણ અને સ્નિગ્ધતા વધારે છે તે સાત્વિક આહાર છે.

રાજસિક આહાર : આ આહારના ગુણોમાં ખાટા, ખારા, તીખા, તુરા, કડવા, અતિ ઉષ્ણ-તિક્ષ્ણ-રુક્ષ, બળતરા કરનાર તથા પરિણામમાં દુઃખ-શોક અને રોગોત્પત્તિ કરનાર હોય છે.

તામસિક આહાર: રાંધ્યા પછી ત્રણ કલાકનું વાસી, જેનો રસ બગડી ગયેલ, વાસી, ગંધ મારતા, એઠાં, છાંડેલા, બુદ્ધિનાશક આહારને તામસિક આહાર કહેલ છે.

ગીતાના ઉપરના રેફરન્સને આધારે આપણે સાત્વિક, રાજસિક અને તામસિક આહારને નીચે મુજબ વર્ગીકૃત કરી શકીએ.

(૧) સાત્વિક આહાર :

- ધાન્ય :- ઘઉં, જવ, ચોખા રાતા-સાલી અને સાંઠી ચોખા
- તૈલ :- કપાસીયું, નારીયેળ, એરંડીયું, સુરજમુખી, મકાઈ, ઓલિવ
- જલ :- વરસાદ, નદી જલ, કુંડ જલ
- શેરડીવિકાર :- ખાંડ, ગોળ (જુનો) ખડી સાકર, ખાંડસરી, મધ
- કઠોળ :- મગ, તુવેર, મસૂર
- મરીમસાલા :- સીંધવ, વરીયાળી, હળદર, ધાણાજીરૂં, મેથી, આદુ, કોકમ, જાવિત્રી, તજ, એલચી, લવિંગ, ગંઠોડા, કેસર, મીઠો લીમડો, ખસખસ, લીલા ધાણા, લીલી ચા
- કંદ-ભાજી :- આદુ, પાલક, જીવન્તિ, ટાંકો, સાટોડી, સૂરણ, ગાજર, બીટ
- શાક :- કોબીઝ, સરગવો, દૂધી, કંકોળા, પરવર, સફેદ કોળું, ગલકાં
- ફળ :- દ્રાક્ષ, ખજુર, અંજીર, આમળાં, સીતાફળ, જાંબુ, ચીકુ, દાડમ, આંબા, ટેટી, તરબૂચ, સફરજન, નાસપતિ, શેતૂર, રાયણ, ઓલિવ, જામફળ
- સુકા મેવા :- બદામ, ચિલગોંજા, અખરોટ, ઝરદાલુ, આલુ,
- દુગ્ધવર્ગ :- તાજુ દુધ અને અગ્નિપક્વ ઘી.

(૨) રાજસિક આહાર :-

- ધાન્ય :- બાજરી, જુવાર, મકાઈ
- તૈલ :- તલ, સરસીયું, અળસી, રાઈ, સીંગતેલ
- જલ :- વરસાદ, તળાવ, કૂવો, વાવ, સરોવર
- શેરડીવિકાર :- મોલાસીસ, તમામ કૃત્રીમ સ્વીટનર્સ
- કઠોળ :- મસૂર, ચણા, વટાણા, વાલ, અળસી, સોયાબીન, રાજમા
- મરી-મસાલા :- સંચળ, મરચું, હીંગ, સુવા, અજમો, તમાલપત્ર, તેજપત્ર, ફૂદીનો, સુંઠ, મરી, જાયફળ, આમલી, લીંબુ, મીઠું,અહારીચો, તેજબલ
- શાક :- કારેલા, રીંગણ, ઘીલોડા, અળવી, ગુવાર, વાલોળ, ફળસી, ચોળા, વટાણા, ટામેટા, તાંદળજો, કુંવાળીયો, લૂણી, મૂળાભાજી, કુબી
- ફળ :- આમલી, અનાનસ, નારંગી, મોસંબી, કેરી, તાડી, પીલુ, કોઠીંબા, મહુડા, કોઠા, ચીભડુ, જમરુખ, સ્ટ્રોબેરી, સંતરા, કેરડો, રામફળ, ગધાલીંબુ,, ચકોતરા
- સુકામેવા :- બોર, પીસ્તા, મગફળી
- દુગ્ધવર્ગ :- દુધ અને દહીં તથા તેમના પૌષ્ટિક વીર્યવર્ધક ઉત્પાદનો.
- વ્યસન દ્રવ્યો :- તમામ દારૂ. ચા, કોફી, સોડા, તમાકુ, સોપારી, છીંકણી, આલ્કોહોલ, સ્પિરીટ, કોક, કોકો
- અન્ય :- તમામ ક્ષાર અથાણા, ઉષ્ણ તીક્ષ્ણ વિહાદી પદાર્થો

(૩) તામસિક આહાર :-

- ધાન્ય :- કોદરી, સામો, રાગી, બંટી, નિવાર, મોરૈયો
- તૈલ :- સોયાબીન, વનસ્પતિ ઘી
- જલ :- રોગકર તમામ જલ
- શેરડીવિકાર :- મોલાસીસ, તમામ કૃત્રીમ સ્વીટનર્સ
- કઠોળ :- મઠ, ચોળા, અડદ, રાજમા, સોયાબીન, કળશી
- મરી મસાલ :- તક મરીયા, ચારોળી, તલ, તવખીર
- કન્દભાજી :- બટેટા, શક્કરિયા, ડુંગરી, લૂણી, પોઈ, ટાંકો, ચીલ,
- શાક :- ભીંડા, વાલોડ, ફળસી, વટાણા
- ફળ :- કેળા, અપક્વ કેરી, ફળસ, પપૈયા, ગારસ-આંબલી, ટીંબરૂ, વડગુંદો, ગુંદા, બીલી
- સુકા મેવા :- કાજુ સીંઘોડા
- દુગ્ધવર્ગ :- દહીં દહીં અનેદુધની તમામ મીઠાઈઓ, ભારે, ચીંકણા, વાસી, દૂષ્પાચ્ય, પદાર્થો, ડેરી અને બેકરીના તમામ ઉત્પાદનો
- વ્યસનો :- તમામ વિશેષતઃ ભાંગ, ગાંજો, અફીણ
- અન્ય :- અથાણા, કોલ્ડ સ્ટોરેજમાં સંચિત પદાર્થો, રેડી ટુ યુઝ ઉત્પાદનો.

ઉપરનું વર્ગીકરણ શાસ્ત્રીય નથી છતાં ગીતામાં દર્શાવેલા સત્વાદિ ગુણોના ગુણ-કર્મ અનુસાર દ્રવ્યો વર્ગીકૃત કરેલા છે. વિદ્વાનો, અનુભવીઓ પોતાના મંતવ્યો આપશે તેવી આશા છે. 'સાંખ્ય કારિકા'માં સત્વ-રજ અને તમના કર્મો નીચે મુજબ દર્શાવેલા છે. અર્થાત આવા પરિણામ મેળવવા સાત્વિક આહાર અંગે પ્રત્યેક વ્યક્તિ વિચારી શકે. જેમ કે ...

सत्वं लधुप्रकाशकनिष्टं उपस्तंभंदचलंच रजः ।
गुरु आवरणकमेव तमः प्रदीपचार्थतोवृत्ति ।।

અર્થાત સત્વ ગુણ લઘુતા (શરીરાદિ પંચતત્વોની) અને જીવ-મન-અહંકારનો પ્રકાશક છે, રજોગુણ કામ-ક્રોધાદિ છગુણ પ્રતિ સ્થિરતા અને મનાદિને ચન્ચલ કરનાર છે. તમોગુણ આવરણ કરાવે છે. તથા પંચમહાભૂતો-તજજન્ય દેહમાં ગુરુતા લાવે છે. આ ત્રણે ગુણો એકબીજાના પૂરક, એકબીજામાં અનુસ્યૂત અને સ્થૂલ અને સુક્ષ્મ દેહ ઉપર સ્વભાવતઃ પોતાનો પ્રભાવ ધરાવી આ સજીવ અને નિર્જીવ સૃષ્ટિનું સંચાલન કરે છે. માટે જ તે ત્રીગુણ મિશ્ર પ્રકૃતિ કહેવાય છે.

- વૈદ્ય બી. એચ. ઠક્કર (આયુ.)
વિભાગાધ્યક્ષ, પ્રોફેસર, સ્વસ્થવૃત્ત વિભાગ,
આયુર્વેદ કોલેજ સામે, ૬, નાલંદાનગર, કોલેજ રોડ,
નડિયાદ-૯૮૨૫૫૦૮૩૭૧

# ઉગ્ર આંદોલનનો આંચકો દીધા સિવાય બ્રિટિશ સામ્રાજ્યનો આ ઘરડો હાથી જગ્યા પરથી હલવાનો નથી



ભારતની સ્વતંત્રતાના વીર નાયક

## સુભાષચંદ્ર બોઝ

-ચૈતન્ય દેસાઈ (૫)

આ સેવામાં જોડાઈને પોતાના આદર્શને તેઓ છેહ દઈ શકે તેમ ન હતા. સનદી સેવામાંથી રાજીનામું આપનાર તેઓ પ્રથમ ભારતીય બન્યા. ઉત્કૃષ્ટ જીવનધ્યેય માટે સજ્જ બની તેમણે વતનની વાટ પકડી.

૨૪ વર્ષીય તેજસ્વી યુવાન સુભાષે ૧૬ જુલાઈ, ૧૯૨૧ના દિવસે ભારતના કાંઠે પગ મુક્યો અને તે જ દિવસે તરત ગાંધીજીની મુલાકાત લીધી. શિક્ષણ અને વિદેશોના વિશેષ અનુભવે હવે તે દેશની સેવા કરવા તૈયાર થઈ ગયા હતા. જો કે તમેણે દેશબંધુને પોતાના ગુરુ માન્યા હતા, પણ તે જાણતા હતા કે ગુરુના ગુરુ મહાત્મા ગાંધી હતા. એટલા માટે સ્ટીમરમાંથી ઉતરતા જ સીધા જ ગાંધીજીના લેબરનમ રોડ, મહિભુવન પાસેસના નિવાસ્થાન પર ગયા. ત્યાં ઉંચી જાતના પાશ્ચાત ઢબના પોષાકમાં સજ્જ સુભાષચંદ્ર તરફ ગાંધીજીનું ધ્યાન ગયું. ગાંધીજી દેશી જાડી પાથરેલી જાજમ પર પગ વાળીને બેઠા હતા. '' આવ, આવ'' ગાંધીજીએ હરખભેર એમને આવકાર્યા. સુભાષબાબુ એમની સામે કુતૂહલથી જોઈ જ રહ્યા. ક્યાં તસવીરમાં અને ક્યાં હકીકતમાં ? આટલો મોટો ફરક ? એમણે આયુષ્યનાં પચાર વર્ષ ક્યારના વિતાવી દીધેલાં. એમની આંખો ફિક્કી, પણ એમાં અનોખી ચમક હતી. એમણે ચશ્માામાંથી સુભાષ તરફ વિષ્મયપૂર્વક જોયું. એક બંગાળી યુવાને આઈ.સી.એસ. જેવી સર્વોચ્ચ સનદી નોકરીમાંથી રાજીનામુ આપી દીધું છે અને એ દેશસેવા કરવા માતૃભૂમિ પાછો આવી રહ્યો છે, એવા સમાચાર એમના વાંચવામાં આવ્યા હતા. આથી જ સામે બેઠેલા એ નવયુવાન પ્રત્યે એમને વિશેષ કુતૂહલ થયું હતું.

ગાંધીજીના ચહેરાના ભાવોને અને ખાસ કરીને એમના ખુલ્લા હાડપિંજર જેવા દેહને સુભાષે આંખમાં ભરી લીધા. હોલમાંની આ સાદગી પાસે સુભાષને પોતાનો આ પાશ્ચાત્ય ઠાઠ જાણે શરીરને દઝાડતો હોય તેમ લાગ્યું. તેઓ આર્દ્ર સ્વરે બોલ્યા, ''ગાંધીજી મને માફ કરો. વિલાયતથી સીધો તમારી પાસે આવ્યો છું.'' સાંભળીને ગાંધીજી ખડખડાટ હસી પડ્યા. આથી સુભાષના મનનો ભાર હળવો થઈ ગયો. ગાંધીજી મીઠું હસીને બોલ્યા, " આટલી મોટી પરીક્ષા અને તે પણ સારા ગુણાંકે તેં પાસ કરી એ બદલ હું તને અભિનંદન આપું છું.'' "પણ એ બેડીમાંથી હું ક્યારનો મુક્ત થઈ ગયો છું.'' સુભાષ બોલ્યા. ગાંધીજી પ્રસન્નચિત્તે ફરી એકવાર હસી પડ્યા. ગાંધીજીએ કહ્યું "તારી પાસે પ્રશ્નો છે. મારે એ બધા જાણવા છે. તેં કલકત્તાની જવા આજની ટિકીટ તો કઢાવી નથી ને ? એમ કર, બે દિવસ રહે... નિરાંતે ચર્ચા કરીશું.''

બીજે દિવસે સુભાષે ગાંધીજી સાથે સવારે ફરવા જવામાં સહભાગી થવાનું હતું. સમુદ્રતટના નાળિયેર-સોપારીના બાગમાં ચાલતાં સુભાષે ગાંધીજીને લડત પછીનો કાર્યક્રમ પૂછ્યો, ત્યારે ગાંધીજીએ કહ્યું, "અહીંની સામાન્ય જનતાને પચે, પરવડે એવો જ મારો કાર્યક્રમ રહેશે. એ માટે અમે કોંગ્રેસની સભ્ય ફી ફક્ત ચાર આના જ રાખી છે.''

"કેવળ તમારા ના-કરથી, બહિષ્કારથી અને અસહકારથી અંગ્રેજ સરકાર કઈ રીતે નમવાની ? સ્વરાજ્ય કઈ રીતે મળવાનું ? '' સુભાષે પૂછ્યું. ગાંધીજી સુભાષની નીડરતા જોઈને અવાક્ થઈ ગયા. ચર્ચાને ખુલ્લા દિલે ચાલુ રાખવાના આશયથી તેઓ બોલ્યા, "પરદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશીનો આગ્રહ આપણે કાયમ રાખવાનો છે. એનાથી અમારો રચનાત્મક કાર્યક્રમ સફળ થશે એની અમને ખાતરી છે. સરકારી પ્રતિબંધોને ફગાવી દેવાના અને કારાવાસનો રસ્તો પકડવાનો એ અમારાં હવે પછીનાં પગલાં હશે.'' "એટલામાં શું વળવાનું ? એમાંથી લેંકેશાયરના વ્યાપાર પર અને એમ કરીને બ્રિટિશ પર દબાણ કેવી રીતે આવશે ? '' સુભાષે પુછ્યું. "દબાણનો પ્રશ્ન જ ક્યાં આવે છે ? ગાંધીજી ચોંકી ગયા. "અતિશય દબાણ સિવાય બ્રિટિશો કઈ રીતે સીધા થવાના ?'' ગાંધીજીએ સુભાષ સામે કૂતુહલથી જોતા કહ્યું. "કોના પર, કેવી રીતે દબાણ લાવવું એ અમારા કાર્યક્રમમાં બેસતું નથી.'' તો પછી ઉદ્‌ઘોષ કર્યા પ્રમાણે તમે એક વર્ષમાં રામરાજ્ય કેવી રીતે મેળવશો ? '' સુભાષનો પ્રશ્ન સાંભળી ગાંધીજી અને વિઠ્ઠલભાઈ બંને મોટેથી હસી પડ્યા. બપોરે સુભાષે કલકત્તા જવાની તૈયારી કરી લીધી હતી. બે દિવસની ચર્ચાને અંતે ગાંધીજીનો કાર્યક્રમ સુભાષને સહેજે ક્રાંતિકારી લાગ્યો નહોતો. એમના મનનું સમાધાન થયું નહોતું. મનમાં મેજિની, ગેરિબાલ્ડી, કોવુર અને આયર્લેન્ડના જેવો ક્રાંતિકારી સંઘર્ષ ચાલતો હતો.

"કલકત્તામાં તું દેશબંધુ ચિત્તરંજનદાસને મળજે. આવડો મોટો પહાડ જેવો પુરુષ ત્યાં હોય પછી મારા માર્ગદર્શનની શી જરૂર? '' ગાંધીજી બોલ્યા.

સભાષ જવા ઉભા થયા એટલે ગાંધીજી જાતે એમને વળાવવા નીચે આવ્યા. સુભાષે પ્રણામ કર્યા. ફરીથી નજીક જઈને એમણે પૂછ્યું " ગાંધીજી, એક બાજુ તમે બ્રિટિશ સરકારનો શયતાની સરકાર તરીકે ઉલ્લેખ કરો છો તો પછી જલિયાનવાલા બાગનો હત્યાકાંડ અને પછીથી અંગ્રેજ જનતા દ્વારા થયેલા ડાયરના સન્માન વિષે તમારું શું માનવું છે ? ઉગ્ર આંદોલનનો આંચકો દીધા સિવાય બ્રિટિશ સામ્રાજ્યનો આ ઘરડો હાથી જગ્યા પરથી હલવાનો નથી.'' ગાંધીજી કેવળ પ્રસન્નચિત્તે હસ્યા. સુભાષચંદ્રના પ્રાણમાં ઉત્સાહ હતો. મહાત્માને એ મળ્યા તો ખરા પણ અંતરના તાર ઝળક્યા નહીં. વ્યક્તિ તરીકે ગાંધીજીની પ્રતિભા એમને પર્વત સમાન લાગતી હતી પરંતુ બ્રિટિશ વિરોધી એમણે ઘડેલો કાર્યક્રમ એટલો જ નરમ અને નીરસ લાગ્યો હતો.

૧૯૨૧ના જુલાઈમાં સુભાષ પહેલી વાર મહાત્મા ગાંધીજીને મળ્યા અને ૧૯૪૦ના જૂનમાં તે છેલ્લી વાર વર્ધામાં મળ્યા. આ બે વર્ષ વચ્ચે સેંકડો વાર મળ્યા, પણ બંને એકબીજાને કોઈ વાર સમજતા રહ્યા. કોઈ વાર ના પણ સમજ્યા. બંનેનો સાથ કોઈ ને કોઈ સ્વરૂપે જળવાઈ રહ્યો કારણ કે બંને એક જ માર્ગના મુસાફર હતા.

સુભાષ થોડા ઉદાસ થઈ મુંબઈથી કલકત્તા આવ્યા. જાણીતા નેતા અને બાહોસ વકીલ ચિત્તરંજનદાસ 'દેશબંધુ' ને મળ્યા. સુભાષે વિદ્યાર્થીકાળમાં પ્રભાવશાળી પુરુષ ચિત્તરંજનદાસને કલકત્તાના અગ્રેસર ધારાશાસ્ત્રી તરીકે રોજના હજારો કમાતા અને ખર્ચતા, અને મહાલય સમા મકાનમાં રહેતા જોયા હતા. આજે તેઓ ફકીર જેવા લાગ્યા. હવે તેઓ યુવાનોને સમજનાર અને તેમના પથદર્શક સાધુ 'દેશબંધુ' હતા. સીડી ફડીને દાસબાબુ ઉપર આવ્યા. શાલ એમના હાથમાંથી લેવા વાસંતીદેવીએ હસીને કહ્યું, "તમારા શિષ્ય આવી ગયા ઈંગ્લેન્ડથી.'' ચિત્તરંજનદાસની આંખો ચમકી એમણે સાનંદાશ્ચર્ય સુભાષ સામે જોયું. સુભાષ દોડીને આગળ આવ્યા. એમણે દેશબંધુનો ચરણસ્પૃશ કર્યો. તેઓ સુભાષના પ્રભાવશાળી વ્યક્તિત્વ સામે આશ્ચર્યથી જોઈ રહ્યા. માત્ર ચોવીસ વર્ષનો તેજસ્વી જુવાન ! આકર્ષક ચહેરો, ગોરો વાન, વિશાળ ભાલ, અને સોનેરી ફ્રેમના ચશ્માામાંથી ચળકતી તપખીરી વેધક આંખોવાળું ગૂઢ વ્યક્તિત્વ ! (ક્રમશ:)

# આત્મિક વિકાસ કરતાં કરતાં સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરો

પ્રત્યેક આસ્તિક વ્યક્તિ ઈશ્વરને એવી પ્રાર્થના કરતો જોવા મળે છે કે મૃત્યુ બાદ તેને પશુ, પક્ષી, કીટ, જીવ-જંતુ આદિ નિકૃષ્ટ યોનિઓ પ્રાપ્ત ન થાય દરેક બુદ્ધિમાન મનુષ્ય ઓછામાં ઓછું પુન: મનુષ્યનું શરીર પ્રાપ્ત થાય તેવી ઈચ્છા ધરાવતો હોય છે. પરંતુ કર્મ-ફળની વ્યવસ્થાને બરાબર ન સમજી શકવાનાં કારણે મનુષ્ય સતત દુષ્કર્મ કરી દુ:ખરુપી ફળનું (નિકૃષ્ટ યોનિઓનું) આરક્ષણ કરાવી લેતો હોય છે. "ગોપથ બ્રાહ્મણ'' નામના પ્રાચીન વૈદિક ગ્રંથમાં એક અલંકારિક વાર્તાનાં માધ્યમથી મનુષ્યનાં સામાન્ય કર્મો અને તેનાં ફળને સમજાવવાનો સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

એક મનુષ્યનું મૃત્યુ થઈ ગયું. એ પરમાત્માની સામે હાજર થયો. પરમાત્માએ જોયું કે આ માણસ તો ખૂબ જ સુંદર અને ધર્માત્મા છે. જીવનમાં તેણે દાન-પુણ્ય પણ સારુ એવું કર્યુ છે. માટે તેને શ્રેષ્ઠ મનુષ્ય યોનિમાં બીજો જન્મ આપવો જોઈએ. પરમાત્મા આવો વિચાર કરતા હતા. એટલામાં એક દેવતા હાથ જોડીને ઉભા થયા. પરમાત્માએ પૂછયું કે તમે શું ઈચ્છો છો ? દેવતાને ઉત્તરમાં કહ્યું કે હું વાયુ દેવતા છું આ મનુષ્ય ખૂબ જ શોખીન હતો. તે અત્તર, ફુલ વગેરે માટે મારો (અર્થાત વાયુનો) ઉપયોગ કરતો હતો. પરંતુ જ્યારે તે વાયુ છોડતો હતો. સ્વયં પણ નાક બંધ કરી દેતો હતો. આજુબાજુના માણસોને પણ દુ:ખી કરતો હતો. આમ

### દરેક બુદ્ધિમાન મનુષ્ય ઓછામાં ઓછું પુન: મનુષ્યનું શરીર પ્રાપ્ત થાય તેવી ઈચ્છા ધરાવતો હોય છે.

આ મનુષ્ય મારો કરજદાર છે. માટે હું ઈચ્છું છું કે તેણે મને (વાયુને) જેટલો ગંદો કર્યો છે, તેટલો શુદ્ધ કરી દે. પરમાત્માએ પેલા મનુષ્યને આદેશ આપ્યો કે સારુ તો જાવ, પહેલાં આ વાયુ દેવતાનું દેવું ચૂકવી દો. મનુષ્ય પૂછે છે કે કેવી રીતે ચૂકવું? પરમાત્મા કહે છે કે તું વીંછી, સાપ, અજગર અને કાનખજૂરા જેવા વાયુ શુદ્ધ કરનારી યોનિમાં જન્મ લઈ આ વાયુ દેવતાનું દેવું ચૂકવી દે. પછી જ મનુષ્ય જન્મ મળશે.

પેલો મનુષ્ય આવી યોનિયોમાંથી પાછો ફર્યો ત્યાં બીજા એક દેવતા ઉભા થયા. પરમાત્માએ પૂછયું કે તમે શું ચાહો છો ? દેવતાએ કહ્યું કે હું જળ દેવતા છું. આ મનુષ્ય મને સુગંધિત કરીને પીતો હતો. અનેક પ્રકારના પીણાં બનાવીને મારો ઉપયોગ કરતો હતો. પરંતુ જ્યારે શરીરમાંથી ઉત્સર્ગ કરતો હતો ત્યારે પેશાબ, પરસેવા વગેરે રૂપે દુર્ગંધ ફેલાવતો હતો. જળને મલિન કરતો હતો, પૂછી લો એને સ્વયંને. માટે આ મનુષ્ય મારો ઋણી છે, મારું કર્જ ચૂકવી આપે. પરમાત્માએ મનુષ્યને પૂછયું કે આ ખરી વાત છે તેણે કહ્યું કે હા, મહારાજ. પરમાત્માએ આદેશ કર્યો કે જાવ, પહેલાં આ જળ દેવતાનું ઋણ ચૂકવો. તેં જેટલું પાણી ગંદુ કર્યુ છે એટલું માછલી, કાચબા વગેરેનું શરીર ધારણ કરી શુદ્ધ કર. પછી જ મનુષ્ય શરીર મળશે. મનુષ્ય જ્યારે આવી જળચર પ્રાણીઓની યોનિઓ ભોગવી પાછો ફર્યો તો એક ત્રીજા દેવતા ઉભા થયા. કહ્યું કે હું અન્ન દેવતા છું. આ મનુષ્ય છપ્પન ભોગ બનાવી મારો ઉપયોગ કરતો હતો, પરંતુ જ્યારે શરીરમાંથી મળનો ત્યાગ કરતો હતો ત્યારે તેની ઠીક ઠીક સફાઈની વ્યવસ્થા કરતો નહોતો. માટે તેને કહો કે મારું દેવું ચૂકવી દે. જેટલી ગંદકી કરી છે તેટલી જ શુદ્ધિ કરી દે. પરમાત્માએ પૂછયું કે શું આ મંજૂર છે તને ? મનુષ્યે કહ્યું કે હા મહારાજ તેમની વાત સાચી છે. પરમાત્માએ આદેશ કર્યો કે જાવ, પહેલાં અન્ન દેવતાનું ઋણ ચુકવો. તેં જેટલું અન્ન અને ભૂમિ ગંદી કરી છે તેટલું ભુંડ, કુતરો, કાગડો વગેરેનું શરીર ધારણ કરી શુદ્ધ કર

આમ, ગોપથ બ્રાહ્મણ ગ્રંથમાં આવી અલંકારિક વાર્તા દ્વારા મહત્વ સમજાવાયું છે. તેથી દરેક મનુષ્યે વેદ મંત્રોથી અગ્નિમાં હવન સામગ્રી, ઘી, સમિધા આદિ દ્રવ્યો નાંખી વાયુ, જલ અને અન્નની શુદ્ધિ કરવી જોઈએ. મનુષ્ય પશુ, પક્ષી, કીટ-પતંગ આદિ ભોગયોનિમાં જતો બચી જાય છે અને આત્મિક વિકાસ કરતા કરતા સર્વોત્તમ સુખ પ્રાપ્ત કરી લે છે.

-મહેન્દ્ર ગાંધી

# अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान्। युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम।।

(यजु.अ.४०/मं.१६)

ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

૨૯ સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ (१) :-**

हे (**अग्ने**) स्वप्रकाश ज्ञानस्वरूप सब जगत् के प्रकाश करने हारे सब दुःखों के दाहक सबके नेता (**देव**) दिव्यस्वरूप सकलसुखदाता या मनोहर आनन्द को देने वाले करूणामय जगदीश्वर ! आप जिससे (**विद्वान्**) सम्पूर्ण विद्यायुक्त सकल शास्त्र वेत्ता या सबको जानने वाले हैं, कृपा करके (**अस्मान्**) हम अभ्युदय और निःश्रेयस सुख की कामना करने वाले लोगों को (**राये**) विज्ञान, मोक्षसुख व राज्यादि ऐश्वर्य की प्राप्ति के लिये (**सुपथा**) अच्छे धर्मयुक्त आप्त लोगों के मार्ग से, वेदोक्त धर्ममार्ग से या धर्मयुक्त सरल मार्ग से (**विश्वानि**) सम्पूर्ण (**वयुनानि**) उत्तम उत्तम ज्ञान और उत्तम कर्म (**नय**) प्राप्त कराईये और (**अस्मत्**) हम लोगों से (**जुहुराणम्**) कुटिलतायुक्त या खोटी चाल से उत्पन्न हुए पक्षपात सहित (**एनः**) अपराध पापरूपकर्म को (**युयोधि**) पृथक् कीजिए या दूर रखिये और इस अधर्माचरण से हमको दूर रखिये इस कारण हम लोग (**ते**) आपकी (**भूयिष्ठाम्**) अत्यन्त (**नम उक्तिम्**) नम्रतापूर्वक प्रशंसा या सत्कारपूर्वक प्रशंसा (**विधेम**) सदा किया करें और सर्वदा आनन्द में रहें ।

(स.वि. + ऋ. दया. कृत यजुर्वेदभाष्य व ऋग्वेदभाष्य)

**अग्ने नय सुपथा ...............नमउक्तिं विधेम स्वाहा।।** (यजु.अ.७/मं.४३)

**पदार्थ (२) -**

हे (**अग्ने**) सबके प्रकाशक जगदीश्वर ! आप (**राये**) योग की सिद्धि के लिये (**अस्मान्**) हम योगी लोगों को (**विश्वानि**) सब (**वयुनानि**) योग के विज्ञानों को (**सुपथा**) योगमाार्ग से (**नय**) प्राप्त कराओ। जिससे हम लोग (**स्वाहा**) अपनी सत्यवाणी वा वेदवाणी के द्वारा (**ते**) योगोपदेष्टा परमगुरु आपकी (**भूयिष्ठाम्**) अत्यन्त (**नम उक्तिम्**) नम्रतापूर्वक स्तुति (**विधेम**) करें।

हे (**देव**) योग विद्या के दाता ! (**विद्वान्**) सब योग को जानने वाले जगदीश्वर ! आप कृपा करके (**जुहुराणम्**) हमारे अन्तःकरण की कुटिलता को और (**एनः**) दुष्टतारूप अपराध को (**अस्मत्**) हम योगी जनों के पास से (**युयोधि**) दूर कीजिये।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ. ७/मं.४३)

**भावार्थ (१) -**

कोई भी पुरुष परमात्मा की सच्ची प्रेमभक्ति के बिना योगसिद्धि को प्राप्त नहीं कर सकता। और जो सच्ची प्रेमभक्ति से योगबल के द्वारा परमेश्वर को स्मरण करता है उसे वह दयालु परमात्मा शीघ्र योगसिद्धि प्रदान करता है।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य)

**भावार्थ (२) :-**

ईश्वर का उपदेश है कि जो सत्यभाव से परमेश्वर की उपासना करते, यथा शक्ति उसकी आज्ञा का पालन करते और सर्वोपरि सत्कार के योग्य परमात्मा को मानते हैं उनको दयालु परमात्मा ईश्वर पापाचरणमार्ग से पृथक् कर धर्मयुक्त मार्ग में चला के विज्ञान देकर धर्म, अर्थ, काम और मोक्ष को सिद्ध करने के लिये समर्थ करता है इससे एक अद्वितीय ईश्वर को छोड़ किसी की उपासना कदापि न करें।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ. ४०/मं.१६)

**भावार्थ (३) :-**

ईश्वर आज्ञा देता है कि मनुष्यों को धर्म व विज्ञानमार्ग की प्राप्ति और अधर्म की निवृत्ति के लिये परमेश्वर की अच्छी प्रकार प्रार्थना करनी चाहिए और सदा सुमार्ग से चलना चाहिए, दुःखरूपी अधर्म मार्ग से अलग रहना चाहिए, जैसे विद्वान् लोग परमेश्वर में उत्तम अनुराग करते वैसे अन्य लोगों को भी करना चाहिए।

(ऋ. दया. कृत ऋग्वेदभाष्य मं.१/सू.१८९/मं.१)

**भावार्थ (४) :-**

इस मन्त्र में उपमा अलंकार है। ईश्वर की आज्ञा है कि जैसे प्रेम से उपासना किया हुआ जगदीश्वर जीवों को दुष्टमार्ग से हटाकर धर्ममार्ग में लगाकर ऐहिक और पारमार्थिक सुख उनके कर्मानुसार प्रदान करता है वैसे न्यायाधीश लोग भी किया करें। (ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.५/मं.३६)

**टिप्पणी :-**

(क) ईश्वराज्ञा है कि मनुष्य वेदोक्त धर्ममार्ग का अनुष्ठान करते हुए राज्यादि ऐश्वर्य व मोक्ष को प्राप्त करें।

(ख) ईश्वर चारों वेदों के वास्तविक अर्थों को जानने वाले हैं।

(ग) जैसे अग्नि अपने अन्दर डाले हुए पदार्थ को जला देती है इसी प्रकार ईश्वर भी अपने उपासकों के दोषों, दुःखों को नष्ट कर देते हैं । ईश्वर का नाम 'अग्नि' भी है। जैसे अग्नि अपने प्रकाश से पदार्थ को दिखाती है वैसे परमेश्वर सूर्य व नेत्रों को देकर उनके माध्यम से जीवों को संसार दिखाते हैं। या वेदविद्या देकर पदार्थों का ज्ञान कराते हैं।

(घ) सांसारिक ऐश्वर्य की प्राप्ति के उपायों का ज्ञान व मोक्षप्राप्ति के उपायों का ज्ञान ईश्वर से होता है।

(ङ) ईश्वराज्ञा है कि हे मनुष्यों ! तुम अधर्माचरण न करो और तुम्हारे में जो अधर्माचरण की प्रवृत्ति है उसको हटाओ।

(च) वयुन इति प्रज्ञानाम निघं. ३.९, पदनाम निघं. ४.२

(छ) नम्रतापूर्वक प्रशंसा से तात्पर्य है ईश्वर की आज्ञा व शिक्षा के अनुकूल बराबर चलते हुए उसकी प्रशंसा करना।

(ज) ईश्वर के समीप योगविद्या है, वे सब योग को जानने वालें हैं तथा योग्य पात्र को योगविद्या देते हैं। समाधि प्राप्ति का विज्ञान प्रदान करते हैं।

(झ) हुर्छा कौटिल्ये (भ्वा.) धातु से 'हुर्च्छेः सनो लुक् छ लोपश्च' उणा. २.९१ इस उणादि सूत्र से आनच् प्रत्यय होकर 'जुहुराण' शब्द बनता है।

(दयानन्द वैदिक कोष) (ક્રમશ:)




વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
સત્યાર્થ પ્રકાશ
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

### આર્યસમાજ , નવાડેરા, ભરૂચ દ્વારા

# ચાર દિવંગત્ મહાન સન્યાસીઓનાં ચાર ગુજરાતી પુસ્તકોના પ્રકાશનની યોજના

વિવિધ આર્યસમાજો, આર્ય મહાનુભાવો તથા ધર્મપ્રેમી સજ્જનોના સહયોગથી આર્યસમાજ, નવાડેરા, ભરુચ દ્વારા છેલ્લા ૧૧ વર્ષના સ્વાધ્યાય-યજ્ઞ અંતર્ગત કુલ ૫૭ પુસ્તકો તથા ૫,૫૧,૦૦૦ જેટલી પ્રતો પ્રકાશિત થઈ ચૂકી છે. હાલમાં પણ ત્રણ નવાં પુસ્તકો પ્રેસમાં છપાઈ રહ્યા છે. આ સ્વાધ્યાય-યજ્ઞ અંતર્ગત વધુ ત્રણ પુસ્તકોનું પુન:પ્રકાશન તથા એક નવા ગુજરાતી પુસ્તકનું પ્રકાશન કરવાની યોજના આર્યસમાજ દ્વારા બનાવવામાં આવી છે. આર્યસમાજ આ સંદર્ભે સહયોગની અપેક્ષા રાખી રહ્યું છે.

પુન: પ્રકાશન

૧. સુખી ગૃહસ્થ : મૂળ હિંદી લેખક : શ્રી મહાત્મા આનંદ સ્વામી સરસ્વતી. અનુવાદ : શ્રી મહેન્દ્રનાથ વેદાલંકાર. આ અતિ લોકપ્રિય પુસ્તકમાં સુખી અને સફળ ગૃહસ્થ જીવનના નિર્માણ માટે માર્ગદર્શક જ્ઞાન રોચક ભાષામાં આપવામાં આવ્યું છે. કુલ પાના ૬૪, મૂલ્ય રૂ. ૮ : ૦૦. ૧૦૦ કે તેથી વધુ નકલોના અગ્રીમ ગ્રાહકોનાં નામ આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે. લગ્ન પ્રસંગે તથા સમૂહ લગ્નોના આયોજનમાં આ પુસ્તક વિતરિત કરવા યોગ્ય છે.

૨. જીવાત્મા પરિચય : મૂળ હિંદી લેખક : આર્યજગતના વિદ્વાન સન્યાસી શ્રી સ્વામી વિદ્યાનંદજી સરસ્વતી. અનુવાદ : શ્રી નાથુભાઈ ડોડિયા. આત્મા, જીવ અથવા જીવાત્મા તરીકે ઓળખાતા ચેતન તત્વના સ્વરૂપનું દાર્શનિક નિરૂપણ પ્રસ્તુત કરતું આ પુસ્તક પઠનીય છે. સ્વજનોના દેહાવસાન તથા પુણયતિથિ વગેરેના પ્રસંગે સ્મરણાર્થે આ પુસ્તક વિતરિત કરવા યોગ્ય છે. કુલ પાનાં ૭૨, મૂલ્ય રૂ. ૯ : ૦૦. ૧૦૦ કે તેથી વધુ નકલોના અગ્રિમ ગ્રાહકોના નામ આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.

૩. મૃત્યુ અને પરલોક : મૂળ હિંદી લેખક : શ્રી મહાત્મા નારાયણ સ્વામીજી. અનુવાદક શ્રી રમણીકભાઈ અગ્રવાત. વેદ તથા ઉપનિષદાદિ ગ્રંથોના આધારે મૃત્યુનું સ્વરૂપ અને જીવન-મરણની પ્રક્રિયાને સરળ શૈલીમાં સમજાવતું આ પુસ્તક પણ વિતરિત કરવા યોગ્ય છે. કુલ પાના ૭૨. મૂલ્ય રૂ. ૯ : ૦૦. ૧૦૦ કે તેથી વધુ નકલોના અગ્રિમ ગ્રાહકોના નામ આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.

નવીન પ્રકાશન

૪. પરાવિદ્યાના પાંચ આધ્યાય : મૂળ હિંદી લેખક : સ્વામી (ડૉ.) સત્યપ્રકાશ સરસ્વતીજી. અનુવાદક તથા સંપાદન : શ્રી ભાવેશ મેરજા. આ પુસ્તકના લેખક આર્યસમાજના મહાપંડિત શ્રી ગંગાપ્રસાદ ઉપાધ્યાયના પુત્ર હતા. પૂર્વાશ્રમમાં તેઓ અલ્લાહાબાદ યુનિવર્સીટીના રસાયણ વિજ્ઞાન વિભાગના હેડ હતા. તેઓ એક સિદ્ધહસ્ત લેખક, ઉચ્ચ કોટિના ચિંતક, વૈજ્ઞાનિક તથા વૈદિક ધર્મ-દર્શનના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા હતા. આ પુસ્તકમાં તેમણે પરાવિદ્યા અંતર્ગત ઈન્દ્રિયો, પ્રાણ, મન, જીવાત્મા તથા પરમાત્માની સુંદર દાર્શનિક વિવેચના કરી છે. વૈદિક જીવનદર્શનમાં રસ ધરાવતા વાચકોને આ પુસ્તક ખૂબ જ પસંદ પડશે. આર્યસમાજના દાર્શનિક તથા સૈદ્ધાંતિક પક્ષના વ્યાપક પ્રચાર અર્થે આ પુસ્તક સુશિક્ષિત લોકોના હાથમાં પહોંચાડવા યોગ્ય છે. કુલ પાના : ૪૮, મૂલ્ય : રૂ. ૬ : ૦૦. ૧૦૦ કે તેથી વધુ નકલોના અગ્રિમ ગ્રાહકોના નામ આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.

આર્થિક દ્રષ્ટિએ સંપન્ન તથા સક્રિય આર્યસમાજો આ પુસ્તકોનો સ્ટોક પોતાની પાસે રાખી મૂકે તો જરૂર પડ્યે લોકોના હાથમાં આપણું આવું સાહિત્ય સુગમતાથી પહોંચાડી શકાય. ઉપરોક્ત ચારે પુસ્તકોના અગ્રિમ સહયોગી બની આર્યસમાજ, ભરૂચના આ સ્વાધ્યાય-યજ્ઞમાં પાવન આહૂતિ આપવા શ્રી નાથુભાઈ ડોડિયા દ્વારા વિનંતી કરવામાં આવી છે. આ અંગેની સૂચના ફોન દ્વારા અથવા તો પત્ર દ્વારા આગામી તા. ૧૦મી એપ્રિલ, ૨૦૧૪ પહેલાં પાઠવવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગાંધીનગર ખાતે એન્જીનીયરીંગ કોલેજની ૧૪૦ યુવતિઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું

ગાંધીનગર




વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની ગાંધીનગર શાખા દ્વારા તાજેતરમાં પાંચ દિવસની મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. ગાંધીનગર સ્થિત એલ.ડી.આર.પી. એન્જીનીયરીંગ કોલેજ ખાતે યોજાયેલી આ શિબિરમાં ૧૪૦ જેટલી કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા દ્વારા આ વિદ્યાર્થીનીઓને કરાટેની બેઝીક ટેક્નિક્સની સાથે કોઈ છેડતી કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનાં સંયોજક તરીકે મેડલ નોરિને પ્રસંશનીય કામગીરી કરી હતી.

આ શિબિરનો સમાપન સમારોહ ૨૧મી માર્ચનાં રોજ સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ દરમ્યાન કોલેજનાં હોલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે અકેડમીનાં સંરક્ષક તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં સચિવ શ્રી અનિલભાઈ પટેલ તથા સંરક્ષક અને જાણિતા ઉદ્યોગપતિ શ્રી જગતભાઈ કારાણીની સાથે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કોલેજનાં આચાર્યા શ્રીમતી ગાર્ગીબહેન રાજપરાએ સૌને આવકારતાં કરાટે વિદ્યાની આવશ્યકતા ઉપર ભાર મુક્યો હતો. મુખ્ય અતિથિ શ્રી અનિલભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે વર્તમાન સમયમાં બહેનોને સ્વરક્ષણની કળા શીખવાડવાની ખાસ જરૂર છે. તેમણે વિદ્યાર્થીનીઓને સાહસિક બનવા પ્રેરણા આપી હતી. ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે દરેક વ્યક્તિમાં પરમાત્માએ અનેક પ્રકારની શક્તિઓ મુકેલી છે. આ શક્તિઓને કેળવવાની જરૂર છે. કરાટેના માધ્યમથી શરીરને મજબુત, સ્ફુર્તિલું અને સ્વસ્થ બનાવી શકાય છે અને સાથે સાથે પ્રહાર કરવાની અને પ્રહાર સહન કરવાની શક્તિનો વિકાસ થાય છે. આમ, કરાટે બહુ મહત્વપૂર્ણ કળા હોવાનું તેમણે જણાવ્યું હતું. શ્રી જગતભાઈ કારાણીએ નિદર્શન નિહાળી વિદ્યાર્થીનીઓની મહેનત તથા પ્રશિક્ષકોનો પુરુષાર્થ સફળ થયો હોવાનું જણાવી આવી શિબિરો સતત ચાલતી રહે તેવો અનુરોધ કર્યો હતો.

### वैदिक मिशन मुम्बई द्वारा आयोजित

# वैदिक विरक्त सम्मेलन सफलतापूर्वक संपन्न



वैदिक मिशन मुम्बई के अध्यक्ष श्री सोमदेव शास्त्री जी के स्तुत्य प्रयास के फलस्वरूप तथा मंत्री श्री संदिप आर्य जी के सहयोग से आर्य समाज, सान्ताक्रुज में "वैदिक विरक्त सम्मेलन" सफळता पूर्वक सम्पन्न हुआ। इस सम्मेलन में भारत वृष के विभिन्न प्रान्तो से अनेक दिग्गज सन्यासी महानुभाव एवं धुरंधर विद्वान, वानप्रस्थी आदि पधारे हुए थे, मुख्य रूप से दिल्ली से स्वामी आर्यवेश जी, स्वामी प्रणवानन्द जी, स्वामी ब्रह्मानन्द जी (आन्ध्रा), स्वामी चित्तेश्वरानन्द जी (देहरादुन) स्वामी सोम्यानन्द जी (रोहतक) स्वामी सुधानन्द जी (उडीसा) स्वामी रामानन्द जी (छत्तीसगढ) स्वामी आर्येशानन्द जी (राजस्थान) स्वामी रामवेश जी (जीन्द), स्वामी शांतानन्द जी (कच्छ, गुजरात), स्वामी श्रद्धानंद जी (पलवल) आदि सन्यासी महानुभाव तथा डॉ. महावीर मीमांसक (दिल्ली), डॉ. रधुवीर जी वेदालंकार (दिल्ली), आचार्य वेदप्रकाश श्रोत्रिय (दिल्ली), आचार्य जीवर्धन जी शास्त्री आदि मूर्धन्य विद्वानों ने इस संमेलन में अपने महत्वपूर्ण उद्बोधन से संमेलन में भाग लेने वाले समस्त श्रोताओं को लाभान्वित किया। इस कार्यक्रम में विशिष्ट अतिथि के रूप में श्री मिठाई लाल जी सिंह प्रधान, आर्यप्रतिनिधि सभा मुम्बई, श्री अरुण जी अब्रोल मंत्री आर्यप्रतिनिधि सभा मुम्बई, श्री आनन्द कुमार जी आर्य प्रधान आर्य प्रतिनिधि सभा पश्चिम बंगाल, आचार्य अंशुदेव जी प्रधान आर्यप्रतिनिधि सभा छत्तीसगढ, श्री दीनानाथ मंत्री, आर्य प्रतिनिधि सभा छत्तीसगढ, श्री सत्यवेदी जी जयपुर, श्री अशोक जी आर्य (सत्यार्थप्रकाश न्यास उदयपुर) आदि महानुभावोंने अपनी गरिमामयी उपस्थिति देकर कार्यक्रम की शोभा में वृद्धि की, तथा अपने महत्वपूर्ण सन्देश भी प्रदान किया।

ईस सम्मेलन में मुख्य रुप से ऋषि दयानन्द के बृहदत्रयी सत्यार्थप्रकाश, ऋग्वेदादिभाष्य भूमिका तथा संस्कारविधि के प्रचार-प्रसार के विषय में गहन चिन्तन किया गया, कार्यक्रम का शुभारम्भ आर्यपूरोहित सभा मुम्बई की ओो से वैदिक मंगलाचरण के द्वारा किया गया। सर्वप्रथम डॉ. सोमदेव जी शास्त्री ने अपने स्वागत भाषण को प्रस्तुत करते हुए समस्त सन्यासीयों एवं विद्वानों का स्वागत किया। इसी अवसर पर आर्य समाज, शान्ताक्रुज के अधिकारीयों द्वारा उपस्थित सन्यासियों एवं विद्वानों का साल एवं मोतीहार से सन्मान किया गया। श्री मिठाई लाल जी ने भी अपना उदघाटन भाषण दिया।

स्वामी प्रवणानन्द जी की अध्यक्षता में वैदिक विरक्त सम्मेलन का शुभारम्भ हुआ जिसमें स्वामी ब्रह्मानन्द जी ने अपने विशेष प्रवचन के सत्र में फलित ज्योतिष को पूर्णत: असत्य बताते हुए फलित ज्योतिषियों के साथ शास्त्रार्थ करके इस विषय की सच्चाई को समाज के समक्ष लाने की बात कही थी, साथ ही स्वामी जी ने राशिफल, हस्तरेखा, आदि कपोल-कल्पित मान्यताओ एवं पाखण्डों को भी दूर करने के लिए अपनी ओजस्वी वाणी में अपने विचार प्रस्तुत किए, गुरुत्वाकर्षण सिद्धान्त को उन्होंने न्युटन से भी पहले भारत वर्ष के प्रसिद्ध वैज्ञानिक भास्कराचार्य जी के द्वारा खोज करने की बात बताई। स्वामी चित्तेश्वरानन्द जी ने योग प्रशिक्षण प्रदान करते हुए ईश्वर की महत्ता को अपने आध्यात्मिक प्रवचन में सबके सामने प्रस्तुत किया। स्वामी शांतानन्द जी ने संस्कार विधि में वर्णित सोलह संस्कारों की आवश्यकता एवं उपयोगिता तथा महत्ता को जनसमूदाय के सामने प्रस्तुत करते हुए मानव निर्माण के लिए इसे अत्यन्त महत्वपूर्ण बताया। स्वामी सुधानन्द जी ने स्वयं के द्वारा किये जा रहे सत्यार्थप्रकाश के उडिया अनुवाद के विषय में जानकारी दी। इसी प्रकार जिन सन्यासियो और विद्वानों ने अपना शोधपत्र प्रस्तुत किया उन सभी को भी अपना विषय प्रस्तुत करने का अवसर दिया गाय, इसी क्रम में छत्तीसगढ से पधारे आचार्य अंशुदेव जी ने भी स्वामी दयानन्द के ग्रन्थों की महत्ता प्रतिपादित करते हुए इसमें वर्णित शिक्षा के अनुसार आचरण करने हेतु बल दिया। श्री अशोक आर्य जी उदयपुर ने शुद्ध सत्यार्थ प्रकाश के प्रचार हेतु निवेदन किया। श्री सत्यव्रत सामवेदी जी तथा स्वामी आर्यवेश जी ने बतलाया कि ऐसे कार्यक्रम आर्यसमाज के चार दीवारी तक ही सीमित न रह करके समाज के समक्ष बडे-बडे पाण्डाल लगा करके विस्तृत मैदान में करने चाहिए तथा सोसियल मिडिया के माध्यम से इसका विराट प्रचार-प्रसार करना चाहिए।

आचार्य वेदप्रकाश श्रोत्रिय ने अपने जोशीलें एवं ओजस्वी प्रवचन में सत्यार्थप्रकाश एवं मन आदि के विषय में विस्तृत जानकारी दी, डॉ. रधुवीर जी वेदालंकार ने आर्यसमाज के सार्वदेशिक सभाओं को आर्यसमाज के लिए घातक बताते हुए इनमें एकता हो ऐसी अपील की तथा सत्यार्थ प्रकाश के मूलभूत सिद्धान्तो के विषय में प्रकाश डाला। डॉ. महावीर जी मीमांसक ने विभिन्न दृष्टान्तो के माध्यम से स्वामी दयानन्द के बृहदत्रयी ग्रन्थ के सम्बन्ध में अपना प्रवचन प्रस्तुत किया। इस अवसर पर डॉ. सोमदेव शास्त्री द्वारा रचित चतुर्वेद पुस्तक का विमोचन भी किया गया।

# સાચા અને સારા સંસ્કારો જ આપણા જીવનની સાચી સંપત્તિ છે : ચંદ્રેશજી આર્ય

ખારઘર

નવી મુંબઈના ખારઘર ખાતે ગત તા. ૨૨ થી ૨૪ માર્ચ દરમ્યાન ત્રણ દિવસીય ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબીરની અધ્યક્ષતા ગાંધીધામ નિવાસી વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્યએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રીમતી નિતાબેન નરેન્દ્રભાઈ પોકાર પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું.



ધ્યાન યોગ શિબિર દરમ્યાન દરરોજ સવારે ૫ થી ૬ સુધી ક્રિયાત્મ ધ્યાન પ્રશિક્ષણ અને ત્યાર પછી સેન્ટ્રલ પાર્કમાં આસન-વ્યાયામની કક્ષા અને પછી હવન-યજ્ઞ અને ધ્યાન યોગનું પ્રશિક્ષણ આપવામાં આવતું હતું. સવારે ૧૦ થી ૧૧ :૩૦ દરમ્યાન અને સાંજ ૪ થી ૫ :૩૦ સુધી ધ્યાન યોગ કરવાથી થતા લાભો વિશે શ્રી ચંદ્રેશજી દ્વારા સમજાવવામાં આવતું હતું.

ત્રિ-દિવસીય શિબિર દરમ્યાન શિબિર સંચાલક શ્રી ચંદ્રેશજી આર્ય એ ધ્યાન યોગના માધ્યમથી પ્રભુ ભક્તિમાં કેવી રીતે ડૂબવું એનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપ્યું હતું. ઉપરાંત દરરોજ ત્રણે કક્ષાઓમાં ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરવા તથા ઈશ્વર વિશેના વૈદિક વિચારો પ્રસ્તુત કર્યા હતા. શ્રી ચંદ્રેશજીએ મનુષ્ય જીવનનું લક્ષ્ય, આપણાં જીવનમાં ઈશ્વરનું મહત્વ, ઈશ્વર સમર્પણ, યોગના પ્રથમ બે મુખ્ય અંગો યમ અને નિયમનું પાલન વગેરે વિષયનું વિવેચન કરી જીવનમાં અહિંસા અને સત્યનું પાલન કરવા સંબંધી વિષયો પર વિસ્તારથી સમજાવ્યું હતું.

શિબિરના પૂર્ણાહૂતિ સત્રમાં હાજર રહેલા બહોળા સમૂદાયને સંબોધન કરતાં શ્રી ચંદ્રેશજીએ જીવનમાં હવન-યજ્ઞના મહત્વ, લાભ, પરિણામ અને પ્રભાવ પર પ્રકાશ પાડી દરેક શિબિરાર્થીઓને પોતાના જીવનમાં હવન-યજ્ઞને અપનાવવા અપીલ કરી હતી અને મનુષ્ય જીવનમાં સંસ્કારોનું મહત્વ એ વિષયનું વિસ્તરણ કરતાં શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે, સાચા અને સારા સંસ્કારો જ આપણા જીવનની સાચી સમ્પતિ છે.

છેલ્લા ત્રણ વર્ષથી નવી મુંબઈના ખારઘર ખાતે દર મંગળવારે હવન-યજ્ઞનો સાપ્તાહિક કાર્યક્રમ ચલાવતા પોકાર પરિવારના પ્રયત્નો અને પ્રયાસથી સમગ્ર શિબિરમાં સ્થાનીય લોકોએ ઘણાં જ ઉત્સાહથી ભાગ લઈને શિબિર દરમ્યન પોતાના અનુભવોનું વર્ણન કરતાં ભાવ-વિભોર બની ગયા હતા.

સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે પોકાર પરિવારના શ્રી સંજય પોકાર, શ્રી ધવલ પોકાર, સોનલ પોકાર, અપેક્ષા પોકાર, ઉપરાંત શ્રી દિલીપ વેલાણી અને શ્રીમતી પ્રતિભા વેલાણી અને સ્મિત પોકારનો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

## અભિનંદન.......

**આર્યસમાજ, ધ્રાંગધ્રાના ટ્રસ્ટી શ્રી શશાંકશેખર સોલેગાંવકર (આર્ય) તથા શ્રીમતી શુભદાની સુપુત્રી ચિ. નેહાના વિવાહ સંસ્કાર શ્રી હરિશ નટવરલાલ જોષી તથા શ્રીમતી પ્રજ્ઞાના સુપુત્ર ચિ. નિરજ સાથે તા. ૧૮મી એપ્રિલ ૨૦૧૪ના રોજ યોજાશે. આ વિવાહ સંસ્કાર શ્રી કમલેશકુમાર શાસ્ત્રીના હસ્તે કરવામાં આવનાર છે.**

**અગ્નિપથ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.....**

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com